રાજ્ય સરકારના બાંધકામ માટે વપરાતા
ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮/૦૮/૨૦૧૪ .

સંદર્ભ:- (૧) પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૨૨૮૬-યુઓ-૩૯-(૧૯)-સ તા.૨૩-૧૦-૧૯૮૯

(૨) પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૦૨-(૧૪)-સ તા. ૨૮-૪-2003

આમુખ :-

વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભીત પરિપત્રો થી રાજ્ય સરકારના બાંધકામ ના કામો માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે બી-૧ ટેન્ડર ના ક્લોઝ-૩૬ અને બી-૨ ટેન્ડર ના ક્લોઝ-૩૫ માં ઉપરોક્ત સંદર્ભીત પરીપત્રોની તારીખ થી સિક્યોરીટી ડિપોઝીટ પરત કરવા માટે રોયલ્ટી ભર્યા અંગે ના પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહિ તેવી જોગવાઇ કરવામા આવેલ છે. કોન્ટ્રાક્ટર્સ એસોશિએસન ની રજૂઆતો આવેલ છે કે, ટેન્ડર ક્લોઝની અમલવારી બધા વિભાગમાં એક સરખી રીતે કરવામાં આવતી નથી, અને સિક્યોરીટી ડિપોઝીટ પરત કરવા માટે હજુ પણ અમુક વિભાગોમાં ના વાંધા પ્રમાણપત્રો નો આગ્રહ રાખવામા આવે છે આ બાબતે નીચે મુજબની કાર્યવાહી કરવા આથી સર્વે ને જણાવવામાં આવે છે

પરિપત્ર:-

સંદર્ભીત પરિપત્રોમાંની રાજ્ય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે અને તેના સંદર્ભે સીક્યુરીટી ડીપોઝીટ પરત કરવા માટે ની જે જોગવાઈઓ છે તેનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

જો રોયલ્ટી ભર્યા અંગેના ઈજારદારશ્રી દ્વારા પુરા પાડવામાં આવેલ દસ્તાવેજો અપુરતા લાગે તેવા કિસ્સામાં, સંબંધીત કાર્યપાલક ઈજનેરશ્રીએ કામ પુર્ણ થયેથી જે તે કામ ની સીક્યુરીટી ડીપોઝીટ છુટી કરતાં પહેલાં ઈજારદારશ્રી તરફથી કામમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવાની બાકી હશે તો તે ભરપાઈ કરવા ઈજારદારશ્રી બંધાયેલ છે તેવા પ્રકારની ઈજારદારશ્રી પાસેથી બાંહેધરી અચૂકપણે મેળવી સીક્યુરીટી ડીપોઝીટ પરત કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

Sup. Panchayat (R & B) Circle - 2, Rajkot
Marking

આ સૂચનાનો પણ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પરફોર્મન્સ બોન્ડ તથા જામીન અનામત પેટે બેંક ગેરેન્ટી મેળવવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક: ટીએનસી-૧૦-૨૦૧૩-૩-(ભાગ-૧)-સ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯-૧૧-૨૦૧૩

વંચાણે લીધો પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦૯૧/આઈબી/(૧૦)/(૧૧)/સ. તા.૩૧-૩-૧૯૯૯

આમુખ:-

વંચાણે લીધેલ પરિપત્ર મુજબ હાલમા ૧૫ લાખ કે તેથી વધુ રકમની કામો માં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાની જોગવાઈ છે. પરંતુ હવે મોટા ભાગના કામો ૧૫ લાખ થી વધુ રકમના હોય છે અને ચાલુ મરામતના કામો પણ હવે ૧૫ લાખ થી વધુ રકમના હોય છે. આ બાબતે કોન્ટ્રાકટર્સ એસોસીએશન તરફથી પણ પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમ ની મર્યાદા વધારવા માટેની રજુઆત કરવામા આવેલ છે. આથી વહિવટી સરળતા અને અનુકુળતા જળવાય તે હેતુસર પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમમાં ફેરફાર કરવાનુ સરકારશ્રીની વિચારણા હેઠળ હતું

પરિપત્ર:-

પુખ્ત વિચારણાને અંતે નક્કી થયેલ છે કે હવે રૂ.૧૫ લાખ કે તેથી વધુ રકમને બદલે રૂ.૩૦ લાખ કે તેથી વધુ રકમ ના સરકારી કામોમાં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાના રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૨૨-૯-૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(ટે.ચો.)
માર્ગ અને મકાન વિભાગ

| Sup. Panchayat (R & B) Circle - 2, Rajkot. | |
|---|---|
| Marking | TB |
| O.S. | 2/12 |
| I.S. | 2/12 |
| S.E. | 2/12 |
| Inward | |

બાંધકામના કોન્ટ્રાકટર પાસેથી સીક્યુરીટી ડીપોઝીટ
સ્વિકારવાની પ્રથામાં અંશતઃ ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-૩-(ભાગ-૨)-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦-૧૧-૨૦૧૩

વંચાણે લીધો ઠરાવ ક્રમાંકઃ- ટીએનસી-૧૦૮૮/આઈબી/૧૮/(૧૩)/સ તા.૩૧-૮-૧૯૯૪

આમુખઃ-

કોન્ટ્રાકટરોને આપવામાં આવતા કામો માં સીક્યુરીટી ડીપોઝીટ અંગેની હાલની પધ્ધતિ પ્રમાણે એગ્રીમેન્ટ સમયે ૫% પરફોર્મન્સ બોન્ડ બેંક ગેરંટી સ્વરૂપે, ૨.૫% સીક્યુરીટી ડીપોઝીટ નર્મદ બોન્ડ અથવા એન.એસ.એસ. સ્વરૂપે લેવામાં આવે છે તેમજ ૨.૫% રકમ ઈજારદારશ્રીના રનીંગ બીલમાંથી કપાત સ્વરૂપે વસુલ કરવામાં આવે છે. કોન્ટ્રાકટર્સ એસોસીએશન દ્વારા નાણાંકિય તરલતા રહે તે માટે ૨.૫% લેખે કાપવામા આવતી સીક્યુરીટી ડીપોઝીટની રકમ બેંક ગેરંટી સામે છુટી કરવાની રજુઆત કરવામાં આવેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે સરકારી કામોના કોન્ટ્રાકટ માટે સીક્યોરીટી ડીપોઝીટ સ્વિકારવાની હાલની પ્રથામાં નીચે મુજબ નો ફેરફાર કરવામા આવે છે.

૧. હાલમાં પ્રથમ તબક્કે લેવામાં આવતી ૨.૫% સીક્યોરીટીની રકમ જે નર્મદા બોન્ડ/ એન એસ.એસ. સ્વરૂપે લેવાની જોગવાઈ છે, તે હવે નર્મદા બોન્ડ/ એન.એસ.એસ. તેમજ શીડ્યુલ્ડ બેંકની એફ.ડી.આર. સ્વરૂપે પણ લઈ શકાશે.
૨. રનીંગ બીલમાંથી કપાત થતી ૨.૫% સિક્યુરીટી ડીપોઝીટની રકમ ઈજારદારશ્રી દ્વારા શીડ્યુલ્ડ બેંકની બેંક ગેરંટી રજુ કર્યેથી નીચે જણાવ્યા મુજબ રીલીઝ કરવાની રહેશે.

| ક્રમ | નાણાકીય પ્રગતિ | રનીંગ બીલમાથી ૨.૫% લેખે સીક્યુરીટી ડીપોઝીટ પેટે કાપવામાં આવેલ રકમ માંથી છુટી કરવા પાત્ર રકમ | બેંક ગેરંટીની રકમ |
|---|---|---|---|
| ૧ | ટેન્ડરની રકમના ૨૫% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૦.૬૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૨ | ટેન્ડરની રકમના ૫૦% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૩ | ટેન્ડરની રકમના ૭૫% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૮૮%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |

ઉપરોક્ત બેંક ગેરેંટીની મુદત કામ પુર્ણ થવાની ખરેખર તારીખથી છ(૬)-માસ વધુ સમયની લેવાની રહેશે તથા ઈજારદારશ્રી પાસેથી બાંહેધરીપત્ર મેળવવાનો રહેશે કે, જો કામ પુર્ણ કરવાની સમયમર્યાદામાં વધારો થશે તો વધારેલ સમયમર્યાદાની તારીખથી ૬ માસ વધુ સમયમર્યાદા વાળી બેંક ગેરંટી તેઓશ્રી દ્વારા પુરી પાડવામાં આવશે.

કામ પુર્ણ થાય ત્યાં સુધી ઈજારદારશ્રી પાસેથી લેવાની થતી ૧૦% સીક્યોરીટી ડીપોઝીટનું પ્રમાણ કોઈપણ સ્વરૂપે જળવાઈ રહે તેની અચુક કાળજી રાખવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૪-૧૦-૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Sup. Panchayat (R&B) Circle-2, Rajkot
Marking
Inward